# "સુગંધીત અને મસાલા પાક તજજ્ઞતા" ખેડૂત તાલીમ કાર્યક્રમ
# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., અરણેજ દ્વારા છસિયાણા ગામે યોજાયો

આણંદ કૃષિ યુનિવર્સિટીનાં માન. કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયીના માર્ગદર્શન હેઠળ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., અરણેજ અને ભારત સરકારની મિશન ઇન્ટીગ્રેટેડ ડેવલોપમેન્ટ ઓફ હોર્ટીકલ્ચર યોજના હેઠળ ધંધુકા તાલુકાના છસિયાણા ગામે "સુગંધીત અને મસાલા પાક તજજ્ઞતા" ખેડૂત તાલીમ કાર્યક્રમ તા. ૨૫/૦૩/૨૦૨૫ નાં રોજ યોજાયો. આ કાર્યક્રમમાં ધંધુકા અને ધોલેરા તાલુકાના ૧૫૦ જેટલા ખેડૂત ભાઈઓએ ભાગ લીધો. સદર તાલીમ કાર્યક્રમમાં આણંદ કૃષિ યુનિવર્સીટીના ઔષધીય અને સુગંધીત મસાલા પાક વિભાગના વિષય નિષ્ણાત ડૉ. રાજપાલસિંહ અને ડૉ. નિલેશ ચાવડાએ અશ્વગંધા, ઇસબગુલ, જીરું વગેરે પાકોની તલસ્પર્શી માહિતી આપી. કૃષિ વિજ્ઞાન કેન્દ્રનાં વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ. બી. એચ. પંચાલે ભાલ વિસ્તારમાં આશાસ્પદ બાગાયત પાકોમાં જેવા કે બોર, જામફળ , દાડમ, સરગવો વગેરેની અને નર્સરી થકી આવક વધારવા અંગેની માહિતી આપી. કે.વી.કે.નાં વૈજ્ઞાનિકશ્રીઓ ડૉ. દિનેશ રંગપરા અને ડૉ. નીતિન પટેલ તથા કૃષિ સંશોધન કેન્દ્ર અરણેજનાં સીનીયર રીસર્ચ આસિસ્ટન્ટ શ્રી આનંદ રામે અનુક્રમે મસાલા પાકમાં મૂલ્ય વર્ધન, કે.વી.કે. ની વિવિધ પ્રવુત્તિઓ અને મસાલામાં પાક સંરક્ષણ અંગે માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં પ્રગતિશીલ ખેડૂત શ્રી મનહરસિંહ રાણા અને રામદેવસિંહ પ્રાકૃતિક ખેતીના મોડેલ ફાર્મ અંગે માહિતી આપી પ્રાકૃતિક ખેતી કરવા પ્રેરણા માર્ગદર્શન આપેલ.


ખેડૂત તાલીમ કાર્યક્રમ
Galaxy A23 5G


Galaxy A23 5G


Galaxy A23 5G




Galaxy A23 5G


Galaxy A23 5G


Galaxy A23 5G


Galaxy A23 5G